**રાજકોટ  શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે.**

**સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ માહે ૫/૨૦૨૧ ની સારી કામગીરી**

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | Mobile Recover | ૨૮ | ૪૬૯૬૧૩ | કુલ ૨૮ મોબાઇલ કિંમત રૂ.૪૬૯૬૧૩/- ના મોબાઇલ રીકવર કરી પરત અરજદારોને સોપ્યા |
| ૨ | Social App. | ૮૫ | - | ચાલુ માસે સોસીયલ મીડીયાની અરજી અન્વયે ફેસબુક તેમજ અન્ય સોર્સ મારફતે માહિતી મેળવી અરજીનો રીપોર્ટ કરેલ છે. |
| 3 | Financial Fraud | ૦૫ | ૪૦૧૮૦૪ | કુલ-૦૫ અરજી જેમાં રૂ. ૪૦૧૮૦૪/- પેમેન્ટ ગેટ-વે મારફતે પરત ભોગ બનનાર ના એકાઉન્ટમાં જમા કરાવેલ. |

પ્રેસનોટ

# રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

## રાજકોટ શહેરમા શિવ જવેલર્સ માંથી ૮૫ લાખની લુંટના આંતર રાજય લુંટો કરતી ગેંગના અન્ય રાજયોના ગુન્હાઓમા વોન્ટેડ એવા ૪-સભ્યોને ગણતરીના દીવસોમા મુદામાલ સાથે હરીયાણા ખાતેથી પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ ચંપકનગર શેરી નંબર-૩ મા આવેલ શિવજવેલર્સ નામના સોના-ચાંદીના શો-રૂમ મા ગઇ તા.૨૬/૦૪/૨૦૨૧ ના રોજ આશરે બપોરના આશરે ત્રણ વાગ્યાના અરશામા ફરીયાદી પોતાના શો-રૂમએ હાજર હતા તે વખતે ત્રણ ઇસમો આવેલ પોતાને ચાંદીની વીટી લેવી છે તેવુ કહી ફરીયાદી વીટીઓ બતાવતા હતા તે દરમ્યાન ત્રણેય ઇસમોએ કાઉન્ટર ટેલબ ટપી ફરીયાદીને પકડી રાખી માર મારી પીસ્ટલ હથિયાર બતાવી ધમકી આપી શો રૂમ મા રહેલ સોનાના અલગ-અલગ દાગીના ૨.૭૦૦ કી.ગ્રા. કી.રુ.૮૨,૨૬,૯૦૦/- તથા ચાંદીના દાગીના આશરે ૨ કી.ગ્રા કી.રૂ.૭૦,૦૦૦/- તથા રોકડા રૂપીયા ૨,૫૦,૦૦૦/- મળી એમ કુલ કી.રૂ.૮૫,૪૬,૯૦૦/- ના મુદામાલની લુંટ કરી ફરીયાદીને શો-રૂમ મા રહેલ તીજોરી મા પુરી બહારથી લોક કરી નાસી ગયેલ નો બનાવ બનેલ જે અંગે બી ડીવીઝન પોલીસ સ્ટેશન મા ગુન્હો દાખલ હોય અને આ લુંટનો બનાવ ખુબજ ચકચારી અને રાજકોટના ગુન્હાખોરી ના ઇતીહાસની મોટી લુંટો માંની એક લુટ હોય જે લુંટના બનાવની પોલીસ ને જાણ થતા તાત્કાલીક ક્રાઇમ બ્રાન્ચ, બી ડીવીઝન પોલીસ સ્ટેશન તેમજ નજીકના પોલીસ સ્ટેશન નો પોલીસ સ્ટાફ સ્થળ ઉપર પહોચી બનાવ અંગે હકીકત મેળવવા મા આવેલ તેમજ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સાહેબ મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રવીણકુમાર સાહેબ (ઝોન-૧), તથા નાયબ પોલીસ કમિશ્નર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ડી.વી.બસીયા ક્રાઇમ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એસ.આર.ટંડેલ ઉતર વિભાગ, એમ અધીકારીશ્રીઓ પણ તાત્કાલીક સ્થળ ઉપર પહોચી બનેલ બનાવ અંગેની સંપુર્ણ માહીતી મેળવેલ અને પોલીસ કમિશ્નર સાહેબ ના સીધા

માર્ગદર્શન સુચના મુજબ ક્રાઇમ બ્રાન્ચ તેમજ લોકલ પોલીસની અલગ-અલગ ટીમો બનાવી સદર કામના આરોપીને પકડવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવામા આવેલ, જેમા ............

**(૧)પ્રાથમીક કામગીરીની વહેચણી**

રાજકોટ શહેરના બી ડીવીઝન પોલીસ સ્ટેશનમા લુંટનો વણશોધાયેલો ગુન્હો દાખલ થયેલો જેથી ટેકનીકલ,સી.સી.ટી.વી. કેમેરા,ખાનગી બાતમીદારો તેમજ ગુન્હાહીત ઇતીહાસના આધારે ક્રાઇમ બ્રાન્ચ તેમજ સ્થાનિક પોલીસ દ્વારા તપાસની શરુઆત કરેલી

**(૨) લુટની એમ.ઓ. આધારે તપાસ-**

સૌપ્રથમ ટેકનીકલ તેમજ ખાનગી બાતમીદારો દ્વારા તેમજ સદર આરોપીની ગુન્હો કરવાની એમ.ઓ. પરથી નજીકના સમય મા ગુજરાત મા આ પ્રકારથી લુંટ થયેલ હોય તેની સંપુર્ણ માહીતી મેળવી તે આધારે આરોપીઓ બાબતે તપાસ કરી આરોપીઓની ઓળખ મેળવવા પ્રયત્નો કરવામા આવેલ જેમા ગુજરાતના અન્ય શહેરો જેવાકે ભરૂચ, સુરત મા પણ આવા પ્રકારની લુંટોના બનાવ બનેલા હતા જે આધારે સમાનતા મેળવી તે દીશામા તપાસ કરવામા આવેલ

**(૩)આરોપીઓ ગુન્હાખોરી માટે કુખ્યાત ચંબલ વિસ્તારના હોવાનુ જણાય આવેલ-**

લુંટની એમ.ઓ. તેમજ આરોપીઓના શારીરીક બાંધો તેમજ પહેરવેશ ઉપરથી ઉપરી તેમજ અનુભવી અધીકારીઓની સુચના મુજબ તેમજ સી.સી.ટી.વી.થી મળેલ રૂટ ઉપરથી એટલી વાત નકકી થયેલી કે આ લુંટ જે રીતે કરવામા આવેલી છે તે પ્રકારની લુંટ કરવાની ટેવ ધરાવતા આરોપીઓ ગુન્હાઓરી માટે કુખ્યાત ચંબલ નદી કીનારે એટલે કે જયા અલગ અલગ પાંચ રાજયોની સરહદ કે વિસ્તાર નજીક પડે છે તેવા હરીયાણા,દીલ્હી,રાજસ્થાન,ઉતરપ્રદેશ અને મધ્યપ્રદેશ આસ પાસના હોવાનુ પ્રથમ દ્રષ્ટીએ પ્રસ્થાપિત થયેલ જેથી કરી ને તે વિસ્તારની ભૌગોલીક પરિસ્થીતીની જાણકારી મેળવી એ દીશામા તપાસ આગળ વધારવામા માટે કાર્યાવાહી કરવામા આવેલ

**(૪) આરોપીના સંભવિત નામ** -

આરોપીઓ અહી લુંટ કરી ગયેલ તેજ દીવસે રાત સુધીમા આરોપીઓનો મોરબી સુધીનો રૂટ નકકી કરી અને પાંચ આરોપીઓના ફુટેજ અલગ અલગ રીતે મળી આવેલ હોય પરંતુ કોઇના નામ ખબર નહતા પરંતુ આરોપીઓની ઓળખ ઉભી કરવા માટે અહીયાથીજ A B C D E એમ કોડવર્ડ આપી દેવામા આવેલ અને જેમ આરોપીઓની ઓળખ થતી જાય તેમ તેને નામ આપી સકાય

**(૫) સ્થાનીક પોલીસ સાથે સંકલન-**

આ લુંટનો બનાવ બનેલ ત્યારથી મહે. પોલીસ કમિશ્નર સાહેબ તમામ નાનામા નાની બાબતની માહીતી મેળવતા હતા અને આ ટીમો અન્ય રાજયમા તપાસમા મોકલતા પહેલા ત્યાના તમામ ઉપરી અધીકારીશ્રીઓ સાથે ખુદ પોલીસ કમિશ્નર સાહેબ દ્વારા તમામ પ્રકારની મદદ મળી રહે તે પ્રકારનુ સંકલન કરવામા આવેલ જેથી અન્ય રાજયમા ત્યા તપાસમા ગયેલી ટીમોને પુરતો સપોર્ટ અને ટેકનીકલ મદદ મળી રહેલ

**(૬) ટીમોએ સતત ૮-દીવસ સુધી અન્ય રાજયમા ધામા નાખેલ-**

આ કામે અલગ અલગ ટીમો રાજસ્થાન, હરીયાણા, ઉતરપ્રદેશ અને મધ્યપ્રદેશ રાજયમા તપાસ માટે રવાના કરેલ ત્યારે આરોપીઓ બાબતની કોઇ માહીતી હતી નહી જેથી અલગ અલગ ટીમોએ પોતાને મોકલવામા આવેલ પ્રદેશ મા ૮-દીવસ સુધી ગુન્હા બાબતની માહીતી મેળવવા માટે ધામા નાખ્યા હતા

**(૭)આરોપીઓની ઓળખ મેળવવા કરેલ કાર્યાવહી-**

આ કામે અલગ અલગ ટીમો તેઓને જણાવેલ રાજયમા પહોચી ત્યા સતત ૮- દીવસ સુધી અલગ અલગ પોલીસ સ્ટેશન મા તેમજ તે વિસ્તારમા આ લુંટનો બનાવ બનેલ તે પ્રકાર ની મોડસ ઓપરન્ડી ધરાવતા ઇસમો બાબતે તપાસ કરેલ તેમજ આ એમ.ઓ. ધરાવતા ગુન્હાઓ દાખલ થયેલ છેલ્લા ૧૫ વર્ષના ગુન્હાઓના કેસ પેપર નો અભ્યાસ કરેલ તેમજ આવી એમ.ઓ. વાળા આરોપી હાલ કેટલા બહાર છે અને કેટલા જેલમા છે તેની પણ તપાસ કરવામા આવી ત્યારબાદ ટેકનીકલ સપોર્ટ તેમજ બનાવવાળી જગ્યાએથી મળી આવેલ સીસીટીવી કુટેજો આધારે અને આ ટીમો દ્વારા ત્યા લોકલ ઉભુ કરવાનુ હ્યુમન ઇન્ટેલીજન્સ દ્વારા અમુક આરોપીઓની પ્રાથમીક ઓળખ થયેલ અને આરોપીઓ રાજસ્થાનના અને મધ્યપ્રદેશના હોવાનુ જણાય આવેલ જેથી અન્ય તમામ ટીમોને હરીયાણા ના રેવાડી ખાતે બોલાવી લેવામા આવેલ હતી અને તે આરોપીઓ ના એડ્રેસ અને નામ મળેલ જેમા...

(૧)શુભમ S/O સોવરનસીંગ જાટ રહે. અજાન ગામ જીલ્લો ભરતપુર (રાજસ્થાન)

(૨)અવિનાશ ઉર્ફે ફૌજી S/O ઉતમસિંગ રહે. ધરડરપુરા ધોલપુર (રાજસ્થાન)

(૩)સુરેન્દ્ર જાટ રહે. બરતાઇ ગામ ભરતપુર (રાજસ્થાન),

(૪)બિકેશ ઠાકુર રહે. આંતરસુબા બસેરી ધોલપુર (રાજસ્થાન),

(૫)સતીષ S/O સવોરનસિંગ ઠાકુર રહે. મોરેના (મધ્યપ્રદેશ)

## (૮)આરોપીને પકડવા કરેલ કાર્યવાહી-

આ કામે આરોપીઓ ફાયર આર્મસ સાથે લુંટ કરવાની ટેવાવાળા હોય જેથી આરોપીની તપાસમા બહાર રાજયમા જતા પહેલા ક્રાઇમ બ્રાન્ચની ટીમોને જુરીર ફાયર એમ્યુનેશન તથા બુલેટ પ્રુફ જેકેટ સાથે મોકલવા મા આવેલ અને આરોપીઓની ઓળખ થઇ ગયા બાદ આરોપીઓને પકડવા માટે સ્થાનીક પોલીસ ની STF ની ટીમ ને સાથે રાખી જરુરી કાર્યાવહી કરવામા આવેલ

તેમજ આ ઓપરેશન દરમ્યાન ઓપરેશન ની ગુપ્તતા જળવાય રહે અને આરોપીઓને કે સ્થાનિક માણસોને શંકા ન જાય તે માટે ત્યાની સ્થાનિક ગાડીઓ ભાડે કરવાની વ્યવસ્થા કરવામા આવેલ અને ટીમના તમામ સભ્યો દ્વારા સ્થાનિક લોકોનો પહેરવેશ ધારણ કરવામા આવેલ અને બોલીચાલીમા પણ ગુજરાતી નહી પણ માત્ર હીન્દીમાજ વાતચીત કરતા હતા તેમજ અંદરો અંદર જે વાતચીત થતી તેમા પોતાના નામ નહી બોલવાનુ અને લોકલ નામ પરથી બધાને નામ આપી દીધેલ હતા અને કોઇએ એક બીજાને સાહબે/સર કહીને બોલાવવા નહી એટલી તકેદારી રાખવામા આવેલ

પ્રથમ ૨-આરોપી અવીનાશ તથા શુભમ રેવાડી (હરીયાણા) થી પલવલ (હરીયાણા) તરફ આવી રહયા છે તેવી ખાનગી રાહે સચોટ બાતમી મળતા ટીમના તમામ સભ્યો એડવાન્સમા પલવલ મા પોતાની પોલીસ તરીકે ને ઓળખ છુપાવી અને ગોઠવાય ગયા હતા અને આ બંન્ને આરોપી પલવલ ખાતે પહોચતા તેમને બહુજ ચપળતાથી દબોચી લીધેલ હતા આ દરમ્યાન આ બંન્ને આરોપીને જાણ થઇ જતા તેમણે પોલીસની પકડ માંથી ભાગવા માટે બહુજ ઝપાઝપી કરેલી પણ ટીમ પુર્વ તૈયારી સાથે હોવાથી તેમને ભાગવા મા સફળતા મળેલ નહી અને બહાદુરી પુર્વક પકડી પાડેલ હતા

ત્યારબાદના અન્ય બે આરોપીઓ બીકેશ ઠાકુર અને સુરેન્દ્ર જાટ રેવાડી (હરીયાણા) ખાતે એકસપ્રેસ હાઇવે ઉપર હોવાની સચોટ બાતમી મળતા તમામ ટીમ પુર્વ તૈયારી સાથે તેમની પર ઓચીંતાનો એટેક કરી અને હાઇવે પરથી જ દબોચી લીધેલ હતા

ઉપર મુજબના આરોપીઓને પકડયા બાદ તેમણે પ્રથમ પુછપરછ દરમ્યાન તેમણે કોઇ આવો ગુન્હો નહી કર્યાની કબુલાત આપેલી પરંતુ ત્યારબાદ આરોપીઓની ઉંડાણ પુર્વક અને યુકિત પ્રયુકિતથી ઉપરી અધીકારી દ્વારા પુછ પરછ કરવામા આવતા આરોપીઓ ભાંગી પડેલા અને તેમણે પોતે આ લુંટના ગુન્હાને અંજામ આપેલ હોવાની કબુલાત આપેલી હતી

**(૯)ગુન્હેગાર ટોળકીની હકીકત-**

આ કામે આરોપી શુભમ અને અવિનાશ ફૌજીની પુછપરછ કરતા તેઓ પૈકી શુભમ ના જણાવ્યા મુજબ આજથી આશરે એક વર્ષ પહેલા ભરતપુર ખાતે શુભમ ને ક્રિષ્ના હથૈની નામના વ્યકિત સાથે સામાન્ય બોલાચાલીમાં માથાકુટ થયેલી અને સામ-સામા ફાયરીંગના અલગ-અલગ બનાવ બનેલ હતા. જેમાં શુભમના મિત્ર નકુલનું મર્ડર થયેલ હતુ અને શુભમએ સામે ફાયરીંગ કરતા તેને IPC ૩૦૭ મા જેલમા જવુ પડેલ આમ બંન્ને પાર્ટીના સભ્યો ભરતપુર જેલમાં ગયેલ હતા જયાં શુભમ ને અવિનાશ ફૌજી કે જે IPC ૩૭૬ ના કેશમાં જેલમાં હતો તેની સાથે મિત્રતા થયેલ હતી અને અવિનાશ ફૌજીને ત્યા ભરતપુર જેલ મા લુંટ કેસમા રહેલ સતીષ ઠાકુર રહે. મુરૈના સાથે પણ ઓળખાણ થયેલ આમ શુભમ,અવિનાશ અને સતિષ મિત્ર થયેલા હતા બાદ શુભમ જેલ માંથી છુટયા બાદ ભરતપુરમાં માથાકુટ થયેલ હોય અને પોતાની પાસે હથિયાર ન હોય જેથી તે પોતાના વિસ્તારમા રહી સકે તેમ ન હતો

(૧૦)રાજકોટ ખાતે આવવાનુ કારણ-

આજથી આશરે  તારીખ ૧૮/૨/૨૧ ના રોજ ધોલપુર પાસેના રાજખેરા ગામ પાસે શુભમ અને અવિનાશ ફૌજી અને બન્નેનો મિત્ર સોનુ ત્રણેય મોટર સાઇકલ લઇને જતા ત્યારે મોટરસાઇકલ સ્લીપ થઇ જતા સોનુ નું ફેટલ થઇ ગયેલ અને અવિનાશ અને શુભમને ઇજાઓ થયેલ હતી જેથી શુભમ અને અવિનાશને આરામ કરવો જરૂરી હોય અને પોતાને દુશ્મની થયેલ હોય તેનાથી બચવા ભરતપુરની આજુબાજુમાં રહી શકે તેમ ન હોય અને તે અનેક ગુન્હામા વોન્ટેડ હતા જેથી પોલીસની  પકડથી બચવા માટે પોતાની ઓળખ છુપાવા તેઓએ શુભમના મિત્ર રામહરી રહે. ધોલપુર વાળાનો સંપર્ક કરતા તેઓએ બીકેશ પરમાર રહે. મુંબઇ વાળાનો સંપર્ક કરાવેલ હતો અને તેઓએ કહેલ કે તમારે એક કે બે મહીના આરામ કરવો હોય તો મારો રાજકોટ ખાતે રૂમ ખાલી છે જેથી આરામ કરજો તેમ વાત કરેલ

(૧૧)રાજકોટ ખાતે રહેણાક અને સારવાર-

આમ આરોપીઓ બીકેશ પરમારનુ રાજકોટ આવેલ ભાડાના મકાનમા શુભમ, અવિનાશ, સુરેન્દ્ર, એમ ત્રણેય બસ મારફતે તારીખ ૨૧/૩/૨૧ ના રોજ પીન્ટુભાઇ નામના વ્યકિત નુ

રાજકોટ પેડક રોડ ચંપકનગર -૧ ભુમી રોલ પ્રેસની બાજુમા આવેલ મકાનમા રહેવા આવેલા હતા તે વખતે બીકેશે રાખેલ આ મકાનમા એક છોકરો રહેતો હતો તેણે રૂમની ચાવી આપી તે જતો રહેલ હતો તે બાદ બન્ને અવિનાશ અને શુભમનાઓએ રાજકોટ સરકારી હોસ્પીટલમાંથી અકસ્માત અંગેની સારવાર કરાવેલ હતી

(૧૨) લુંટ માટે કરેલ તૈયારી-

આમ તો આ તમામ લોકો લુંટ કરવાની માનસિકતા ધરાવતા હતા અને આ વિસ્તારમા સોના-ચાંદી ના ઘરેણા ની દુકાનો આવેલ હોય અને એના રૂમની નજીક આવેલ સોનીની દુકાનમાંથી લુંટ કરવાનું નકકી કરેલ હતુ તે બાદ નજીકમાં જયાંથી જમવાનું પાર્સલ લેવા જતા તે હોટલ વાળાને રાજસ્થાન તરફ જવા માટે કયો રૂટ સરળ રહે તે બાબતે પુછપરછ કરતા અમદાવાદ અને મોરબીથી તે તરફ જઇ શકાય તેમ જણાયેલ હોય જેથી આરોપીઓએ મોરબી તરફથી જવાનુ નકકી કરેલ હતુ તે માટે તેણે મોરબી માળીયા અને ત્યાથી રાજસ્થાનનો રૂટ પહેલેથી નકકી કરી રાખેલ હતો અને તારીખ ૨૪/૪/૨૧ ના રોજ બીકેશ મુંબઇથી રાજકોટ આવેલ હતો બાદ આ લોકો પાસે હથીયાર ન હોવાથી તેમણે સતીષનો કોન્ટેક કરેલ હોય અને અગાઉ નકકી થયા મુજબ સતીષ લુંટના આગલા દીવસે મધ્યપ્રદેશ મોરેના થી રૂપીયા તથા જરુરી હથીયાર લઇને રાજકોટ આવેલ હતો અને એમ પાંચેય જણાએ લુંટ કરવાનુ નકકી કરેલ હતુ

(૧૩) લુંટને અંજામ-

બાદ તા.૨૬/૦૪/૨૦૨૧ ના રોજ પાંચેય આરોપીઓએ અલગ-અલગ ગ્રુપમા શીવ જવેલર્સ ની આજુબાજુ રેકી કરેલ અને કલાક ૧૧/૦૦ વાગ્યા આસપાસ આરોપી બીકેશ વીટી લેવાના બહાને શીવ જવેલર્સ મા જઇને રેકી કરી આવેલ હતો અને લુંટ કરવાના થોડા સમય પહેલા નજીક માંથી બીકેશ તથા અવીનાશએ મોટર સાઇકલની ચોરી કરી અને બપોરના આશરે ત્રણેક વાગ્યે શીવ જવેલર્સમાં સતીષ, શુભમ, અને સુરેન્દ્ર એમ ત્રણેય હથીયાર સાથે અંદર ગયેલ અને બાકીના બીકેશ તથા અવિનાશ બહાર રેકી કરતા હતા અને ઉપરોકત ત્રણેય આરોપીઓ શો-રૂમમા જઇ ચાંદીની વીટી ખરીદવા માટે પુછપરછ કરી અને જયારે દુકાનદાર તેને વીટી બતાવતા હતા તે દરમ્યાન ત્રણેય ઇસમોએ કાઉન્ટર ટેલબ ટપી ફરીયાદીને પકડી રાખી માર મારી પીસ્ટલ હથિયાર બતાવી ધમકી આપી શો રૂમ મા રહેલ સોનાના અલગ-અલગ દાગીના તથા ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા એમ મુદામાલની લુંટ કરી ફરીયાદીને શો-રૂમ મા રહેલ તીજોરી મા પુરી બહારથી લોક કરી બહાર

નીકળી અમુક મુદામાલ પોતાની પાસે રાખી અને નાકાબંધીમા કે બીજે કયાય પકડાય જાય તો મુદામાલ ન આપવો પડે તે માટે બાકીનો મોટા ભાગનો બીજો મુદામાલ અન્ય રેકી કરતા બીકેશ અને અવીનાશને આપી દીધેલ અને પોતે ત્રણેય મોટર સાયકલ લઇ થેલા સાથે મોરબી તરફ ભાગેલ

અને બાદ અવિનાશ અને બીકેશે પોતાના ભાડાના મકાને જતા રહેલ અને ત્યા મુદામાલ રૂમમા મુકી બાદ બહારની પોલીસ તેમજ અન્ય વ્યકિતની મુવમેન્ટ ઉપર નજર રાખતા હતા તે દરમ્યાન થોડા સમય પછી જોતા બહુ મોટા પ્રમાણ મા પોલીસ નો કાફલો આવી ગયેલ જેથી આ બંન્નેને પકડાઇ જવાની બીક લાગતા પોતે મુદામાલ ત્યા રૂમમા માંજ રાખી તે જગ્યાએ થી થોડે દુર જઇ અગાઉ નકકી થયા મુજબ ઓટો રીક્ષા મારફતે બસ સ્ટેન્ડે જઇ બસ મારફતે મોરબી ગયેલા

તેમજ સતીષ, શુભમ તથા સુરેન્દ્ર જે મોટરસાયકલ લઇને મોરબી તરફ ગયેલ તે મોરબી પહેલા વીરપર ગામ પાસે મોટર સાઇકલ રોડ નીચે મુકી ત્યાથી સીએનજી ઓટો રીક્ષામાં મોરબી બસ સ્ટેન્ડ ગયેલા જયાં પાંચેય જણા અગાઉથી નકકી થયા મુજબ ભેગા થયેલા જયાં સતીષે કપડા બદલાવી લીધેલા હતા અને મોરબીથી ઇકકો ભાડે કરી માળીયા ગયેલા જયાં રાજસ્થાનની બસમા બેસી ઉદયપુર, જયપુર, ત્યાથી દીલ્હી ગયેલા અને દીલ્હીથી પલવલ હરીયાણા ગયેલા અને ત્યાંથી ભીવાડી આવેલા અને ત્યાંથી બધા છુટા પડેલા હતા અને તે બાદ અવિનાશ અને શુભમ રેવાડી (હરીયાણા) ખાતે પેઇગ ગેસ્ટ તરીકે રહેવા લાગેલા હતા

- આરોપીઓ-

(૧)અવિનાશ ઉર્ફે ફૌજી S/O ઉતમસિંગ બ્રહમાસિંગ સિકરવાર જાતે-રાજપુત ઉવ. ૨૩ રહે. ઘરડરપુરા મહોલ્લા ધોલપુર (રાજસ્થાન)

(૨)શુભમ S/O સોવરનસીંગ કુંતલ જાતે જાટ ઉવ ૧૯ રહે. અજાન ગામ જીલ્લો ભરતપુર (રાજસ્થાન)

(૩)સુરેન્દ્ર S/O હમીરસીંગ ભરતાઇ જાતે- જાટ ઉ.વ. ૨૦ રહે. બરતાઇ ગામ ભરતપુર (રાજસ્થાન)

(૪)બિકેશ S/O કુમ્હેરસીંગ પરમાર જાતે- ઠાકુર ઉ.વ.૨૦ રહે. આંતરસુમ્હા ગામ તા.બસેરી જી. ધોલપુર (રાજસ્થાન)

(૫) (પકડવાનો બાકી આરોપી) સતીષ સન/ઓફ સોવરનસિંગ જાતે ઠાકુર રહે. સિધ્ધનગર કોલોની મોરેના (મધ્યપ્રદેશ)

- આરોપીઓનો ઇતીહાસ-

(૧) અવિનાશ ઉર્ફે ફૌજી S/O ઉતમસિંગ બ્રહમાસિંગ સિકરવાર

- તા.૦૧/૦૮/૨૦૧૬ ના આર્મીમા ભરતી થયેલ અને નોકરી ચાલુ હતી તે દરમ્યાન તા.૧૦/૦૫/૨૦૨૦ ના રોજ પોતાના લગ્ન હોવાથી રજા લઇ અને વતનમા આવેલો હતો તે

દરમ્યાન તા.૦૮/૦૫/૨૦૨૦ ના રોજ તેની જુની સ્ત્રી મીત્રએ તેના ઉપર બળાત્કારની ફરીયાદ દાખલ કરાવેલ અને લગ્નના બે દીવસ પહેલાજ પોલીસ મા અટક થયેલ અને ખુબજ બદનામી થયેલી અને તે દરમ્યન જેલમા હતો ત્યારે સતીષ સીકરવાર, શુભમ કુંતલ, રામહરી પ્રબલપ્રતાપ ઠાકુર, વીગેરે આરોપીઓને મળેલો અને જેલ માંથી છુટયા બાદ પોતે બધુ ગુમાવી ચુકયો હોવાથી ગુન્હાહીત પ્રવૃતી તરફ વળેલ હતો

- જેમા તેને સૌ પ્રથમ રૂ.૯૧,૦૦૦/- ની લુંટ સોપુ મા પોતાના મીત્ર રાકા, ગોપાલ અને સતીષ એ મળી કરી હતી
- બીજી લુંટ રૂ.૧,૨૦,૦૦૦/-ની ગ્વાલિયરમાં મુરૈના-ગ્વાલિયર હાઇવે ઉપર પુરાની છાવની પાસે પેટ્રોલપંપ માં પોતે તથા તેના મીત્ર રામહરી, નાનું પ્રબલ અને સતિષ સાથે કરેલ હતી
- બાદ તેના મીત્ર રામહરી ની સામે વાળી પાર્ટીની સામે પોતે તથા રામહરી તથા પ્રબલ સાથે મળી સૈપુના ગામ ખાતે ફાયરીંગ કરેલ
- બાદ રામહરીના ગામ અટરસુમા ગામમા એક બોલેરો ગાડી ઉપર પોતે રામહરી, સતીષ તથા પ્રબલ એમ ચારેયએ ફાયરીંગ કરેલ
- બાદ પોતે રાકા સાથે મળી ધોલપુર-આગ્રા હાઇવે ઉપર અપાચી બાઇકની લુટ કરેલ
- બાદ મુરૈના (મધ્યપ્રદેશ) ની મની ટ્રાન્સફરની ઓફીસ મા પોતે તથા રામહરી,પ્રબલ, નાનુ, સુભમ તથા સતીષ સાથે મળી લુંટ કરેલ
- બાદ સુરતની ભાગ્યલક્ષ્મી જવેલર્સમા લુંટ કરેલ જેમા અવીનાશના મિત્ર રામહરીના કાકા રહે છે ત્યા મહેમાન તરીકે રોકાણ કરેલ અને રામહરીએ જ તેને લુંટ માટે ટીપ આપેલ હતી અવીનાશ તથા રામહરી, પ્રબલ, શુભમ, સાથે મળી લુંટ કરવા ગયેલ ત્યા ફાયરીંગ કરતા દુકાનદાર ને ગોળી લાગતા બુમ બરાડા કરતા એક થેલો લઇને ભાગતા તેમાથી માત્ર લેપટોપ અને બીજી વસ્તુ નીકળેલ કોઇ કિંમતી વસ્તુ મળેલ ન હતી અને ત્યાથી ડાયરેકટ ભરતપુર જતા રહેલ અને ત્યારથી જે ગુન્હામા સુરત પોલીસ ને પકડવા બાકી છે અને દરમ્યાન બાકીના ત્રણ પ્રબલ,રામહરી અને શુભમ ને યુ.પી. પોલીસે પકડેલ હતા અને તે વખતે પોલીસ ઉપર એટેક કરતા વળતા ફાયરીંગમા રામહરીના બંન્ને પગમા ગોળી લાગેલ અને ત્યારથી રામહરી ધોલપુર રાજસ્થાન ની જેલમા છે

- ગુન્હાહીત ઇતીહાસ-

| ક્રમ | પો.સ્ટે. | ગુ.ર.ન/કલમ |
|---|---|---|
| ૧ | મહીલા પો.સ્ટે. ધોલપુર રાજસ્થાન | ૯૫/૨૦૧૪ આઇ.પી.સી. કલમ ૩૬૩,૩૬૬ પોકસો એકટ ૧૭ |

| | | |
|---|---|---|
| ૨ | નીહાલ ગંજ પો.સ્ટે. રાજસ્થાન | ૧૯૮/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૨૩,૩૪૧,૩૭૬,૫૦૬, તથા પોકસો એકટ ૩,૪ વીગેરે |
| ૩ | સોપઉ પો.સ્ટે. રાજસ્થાન | ૩૩૪/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૯૨,વી. |
| ૪ | સોપઉ પો.સ્ટે. રાજસ્થાન | ૧૬/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૦૭,વી. |
| ૫ | મધ્યપ્રદેશ | મુરૈના (મધ્યપ્રદેશ) ની મની ટ્રાન્સફરની ઓફીસ મા પોતે તથા રામહરી,પ્રબલ, નાનુ, સુભમ તથા સતીષ સાથે મળી લુંટ કરેલ |
| ૬ | મધ્યપ્રદેશ પુરાની છાવની પો.સ્ટે. | ૪૧/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૯૪ વીગેરે |
| ૭ | સુરત શહેર પુણા પો.સ્ટે. | ૪૧૯/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૯૪,૩૯૭, ૧૨૦બી, તથા આર્મસ એકટ ૨૫(૧-એ) મુજબ |
| ૮ | રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. | ૧૭૧૦/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૯૪,૩૯૭,૪૫૨,૩૪ |
| ૯ | રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. | ૨૦૮૩/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૭૯ |

- ❖ સદર કામનો આરોપી અવીનાશ અનુ નંબર ૩ થી ૯ મા પકડવાનો બાકી છે
- ❖ અવીનાશ ફૌજી ઉપર રાજસ્થાન પોલીસ દ્વારા રૂ.૫૦૦૦/- નુ ઇનામ જાહેર કરવામા આવેલ છે

(૨) શુભમ S/O સોવરનસીંગ કુંતલ

| ક્રમ | પો.સ્ટે. | ગુ.ર.ન/કલમ |
|---|---|---|
| ૧ | મથુરા ગેટ પો.સ્ટે. રાજસ્થાન | ૧૬૪/૨૦૧૭ આઇ.પી.સી. ૩૦૨ વી. |
| ૨ | મથુરા ગેટ પો.સ્ટે. રાજસ્થાન | ૯૭૭/૨૦૧૭ આઇ.પી.સી. કલમ ૩૨૩,૩૪૧,૩૦૮,૩૪ |
| ૩ | મથુરા ગેટ પો.સ્ટે. રાજસ્થાન | ૬૪૭/૧૯ આઇ.પી.સી. કલમ ૩૨૩,૩૪૧ વી. |

| | | |
|---|---|---|
| ૪ | કોતવાલી પો.સ્ટે. રાજસ્થાન | ૧૬૮/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૨૩,૩૪૧ વી. |
| ૫ | મથુરા ગેટ પો.સ્ટે. રાજસ્થાન | ૨૩૩/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૨૩,૩૪૧ વી. |
| ૬ | અટલબંધ પો.સ્ટે. રાજસ્થાન | ૧૦૨/૨૦ આઇ.પી.સી. કલમ ૩૯૯,૪૦૨ વી. |
| ૭ | અટલબંધ પો.સ્ટે. રાજસ્થાન | ૨૬૬/૨૦ આઇ.પી.સી. કલમ ૩૦૭,૩૨૩,૩૪ વી. |
| ૮ | મથુરાગેટ પો.સ્ટે. રાજસ્થાન | ૧૧૦૫૨/૨૦ રાજસ્થાન ધ્વની નિયંત્રણ અધીનીયમ કલમ ૪,૬ |
| ૯ | મથુરા ગેટ પો.સ્ટે. રાજસ્થાન | ૨૧૧/૨૧ આઇ.પી.સી. કલમ ૩૦૭,૩૨૩,૩૪૧ વી. |
| ૧૦ | સુરત શહેર પુણા પો.સ્ટે. | ૪૧૯/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૯૪,૩૯૭, ૧૨૦બી, તથા આર્મસ એકટ ૨૫(૧-એ) મુજબ |
| ૧૧ | રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. | ૧૭૧૦/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૯૪,૩૯૭,૪૫૨,૩૪ |
| ૧૨ | રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. | ૨૦૮૩/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૭૯ |

- સદર કામનો આરોપી શુભમને અનુ નંબર ૯ થી ૧૨ મા પકડવાનો બાકી છે
- સદર કામના આરોપીએ પોતાની ૧૭ વર્ષની ઉમરે મર્ડર કરેલ
- આરોપી શુભમ વિરુધ્ધ કુલ કેસ- મર્ડર-૧, મર્ડર ની કોશિષ -૬ એટ્રોસિટી.-૧ આર્મસ એકટ -૧ ધ્વનિ નિયંત્રણ.-૧

(૩) સુરેન્દ્ર S/O હમીરસીંગ ભરતાઇ

| ક્રમ | પો.સ્ટે. | ગુ.ર.ન/કલમ |
|---|---|---|
| ૧ | નવદય પો.સ્ટે. રાજસ્થાન | સને ૨૦૧૮ ના વર્ષ મા આર્મસ એકટ મુજબ |
| ૨ | ચીકસાના પો.સ્ટે. રાજસ્થાન | સને ૨૦૧૮ ના વર્ષમા હત્યા કરેલ |

❖ સદર કામનો આરોપી સુરેન્દ્ર સને ૨૦૧૮ થી મર્ડર ના ગુન્હામા રીમાન્ડ હોમમા હતો ત્યાથી ૨૪/૦૨/૨૦૨૧ થી જેલ ના સળીયા તોડી રીમાન્ડ હોમ માંથી ફરાર થઇ ગયેલ જે હાલ સુધી નાસતો ફરતો હતો

<u>(૪) બિકેશ S/O કુમ્હેરસીંગ પરમાર</u>

સદર કામના આરોપી રાજકોટ ખાતે સિધ્ધેશ્વર કાર્ગોની ઓફીસની જવાબદારી સંભાળતો હતો અને તે પહેલા તે મુંબઇ ખાતે કામ કરતો હતો

આ ટોળકીનો મુખ્ય સાગ્રીત રામહરી નામના વ્યકિતનો તે ભત્રીજો થાય છે (રામહરી સુરતના ગુન્હામા વોન્ટેડ છે અને તેના બંન્ને પગમા યુ.પી. પોલીસ દ્વારા ફાયરીંગ કરવામા આવેલ છે અને હાલ તે જેલ મા છે)

**<u>(૫) સતીષ સન/ઓફ સોવરનસિંગ</u>**

સદર કામના આરોપી દ્વારા આ ગુન્હાના ના કામે હથીયારની વ્યવસ્થા કરવામા આવેલ હતી તેમજ આ આરોપી ૧૫-જેટલા ગુન્હાઓમા સંડોવાયેલો છે

❖ <u>રાજકોટ શહેરમા નોંધાયેલ ગુન્હા</u>

| ક્રમ | પો.સ્ટે. | ગુ.ર.ન./કલમ | ફરીયાદી |
|---|---|---|---|
| ૧ | રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. | ૧૭૧૦/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૯૪,૩૯૭,૪૫૨,૩૪ | મોહનભાઇ વીરમભાઇ ડોડીયા રહે.ચંપકનગર શેરી નંબર-૩, શીવ જવેલર્સની સામે પેડક રોડ પાણીના ઘોડા સમેની શેરી રાજકોટ |
| ૨ | રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. | ૨૦૮૩/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૩૭૯ | મયુરભાઇ જેરામભાઇ ગજેરા પટેલ ઉ.વ. ૩૨ રહે. માધાપર ચોકડી પાસે ગોલ્ડન ફોરટીકો એપાર્ટમેન્ટ રાજકોટ |

કબ્જે કરેલ મુદામાલ-

| અનુ | દાગીના ની વીગત | અનુ | દાગીના ની વીગત |
|---|---|---|---|
| ૧ | સોનાની વીટી જુદી જુદી ડીઝાઇન ની નંગ-૮૫ | ૧૪ | સોનાના હાર અલગ અલગ ડીઝાઇનના હાર નંગ ૬ |
| ૨ | સોનાની બુટી જોડી જુદી જુદી ડીઝાઇન ની જોડી નંગ-૫૭ | ૧૫ | સોનાની મગમાળા નંગ ૧ |
| ૩ | સોનાના પેન્ડન્ટ મીકસ નંગ- ૪૯ | ૧૬ | સોનાનો મીની સેટ (ડોકીયુ) નંગ ૧ |
| ૪ | સોનાની બાલી જોડી નંગ -૪૨ | ૧૭ | સોનાની લકકી નંગ ૬ |
| ૫ | સોનાના ચેઇન જુદી જુદી ડીઝાઇનના નંગ ૧૦ | ૧૮ | સોનાની ડોડી નંગ ૩ |
| ૬ | સોનાના પાટલા જોડી અલગ અલગ ડીઝાઇન ની જોડી નંગ ૫ | ૧૯ | સોનાનુ બાજુબંધ (લોકેટ) નંગ ૧ |
| ૭ | સોનાનુ મંગળસુત્ર અલગ અલગ ડીઝાઇનના નંગ ૨ મોતી સાથે | ૨૦ | સોનાનુ પેન્ડલ નંગ ૧ |
| ૮ | સોનાની બચ્ચાલકી તથા નજરીયા નંગ ૮ | ૨૧ | સોનાની કાનની શેરી જોડ ૧ નંગ ૨ |
| ૯ | સોનાના નાકના દાણાના બોકસ નંગ ૨ જેમા આશરે ૨૫૦ નંગ દાણા | ૨૨ | સોનાની કાનની લટ નંગ ૧ |
| ૧૦ | ચોખ્ખા સોનાની લગડીઓના કટકા | ૨૩ | સોનાની લેડીઝ લકકી નંગ ૧ |
| ૧૧ | સોનાનો કંદોરો નંગ ૧ હુક સાથે | ૨૪ | સોનાના ચાંદલા તથા ભુંગળી વાળા દાણા તથા ભુંગળી પેચ તથા હુક તથા કડી |
| ૧૨ | સોનાનો પંજા અલગ અલગ ડીઝાઇનના નંગ ૪ | ૨૫ | રોકડા રૂપીયા- ૯૪૦૦૦/- |
| ૧૩ | સોનાનુ ડોકીયુ નંગ ૧ | | |

<u>મળી આવેલ કુલ મુદામાલ</u>

| | | |
|---|---|---|
| કુલ સોનુ | ૧૮૬૧ ગ્રામ ૭૭૦ મીલી ગ્રામ | રૂ.૬૧,૪૩,૮૪૧/- |
| રોકડા રૂ. | | ૯૪,૦૦૦/- |
| કુલ મુદામાલ રૂ. | | ૬૨૩૭૮૪૧/- |

- **હાલ રાજકોટ શહેર ની એક ટીમ હાલ રાજસ્થાન ધોલપુર ખાતે વોલ્ટ રાખવા મા આવેલી છે અને તે ટીમએ ગઇ રાત્રી દરમ્યાન લુંટ મા ગયેલુ વધુ ૨-કીલો ચાંદી રીકવર કરેલુ છે**

- તપાસમા ગયેલી તમામ ટીમોએ નકકી કરેલુ કે આરોપી નપડકાય ત્યા સુધી રાજકોટ પરત આવવાનુ નથી આ દરમ્યાન પોલીસ કોન્સટેબલ સુભાષભાઇ ના દાદી કોરોના ના લીધે અવશાન પામેલ તેમજ તેના પિતા તથા તેના મોટાબાપુને કોરોના પોઝીટીવ આવેલ તેમ છતા પણ તેઓ પોતાની ફરજ ને વધારે મહત્વ આપી અને પરત નહી આવ્યા અને ઓપરેશન મા લાગી રહયા અને જયારે પુર્ણ સફળતા મળી ત્યારેજ પરત આવી અને પોતાની ફરજ પ્રત્યેની નીષઠા દેખાડેલ છે

- કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ-

**રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ ઇન્સપેકટર વી.કે.ગઢવી તથા બી ડીવીઝન પો.સ્ટે. ના પો.ઇન્સ. એમ.બી. ઔસુરા તથા ડી.સી.બી. પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ. પી.એમ.ધાખડા, પી.બી.જેબલીયા, એસ.વી.સાખરા, એમ.વી.રબારી, યુ.બી.જોગરાણા, વી.જે.જાડેજા તથા બી ડીવીઝન પો.સ્ટે. ના પો.સ.ઇ. પી.બી.તરાજીયા તથા બી.બી.કોડીયાતર તથા ડી.સી.બી. પો.સ્ટે.ના પો.હેડ કોન્સ. પ્રતાપસિંહ ઝાલા, ક્રીપાલસિંહ જાડેજા, મયુરભાઇ પટેલ,વિક્રમભાઇ ગમારા, સુભાષભાઇ ઘોઘારી,દેવરાજભાઇ કાળોતરા તથા પો.કોન્સ. સંજયભાઇ રૂપાપરા, પ્રદીપસિંહ જાડેજા,પ્રતાપસિંહ મોયા, દેવાભાઇ ધરજીયા, પુષ્પરાજસિંહ જાડેજા, શકિતસિંહ ગોહીલ તથા બી ડીવીઝન પો.સ્ટે.ના વીરમભાઇ ધગલ તથા સીરાઝભાઇ ચાનીયા દ્વારા કામગીરી કરવામા આવેલ છે.**

- **ઉપરોકત સારી કામગીરી રાજકોટ શહેર પોલીસ દ્વારા જે કરવામા આવેલ છે તે આરોપીઓ અન્ય રાજયમા પણ પકડવાના બાકી હતા અને બહુ થોડા સમય માજ રાજકોટ પોલીસે પકડી અને બહુ**

સારી એવી સફળતા મેળવી છે એ માટે આ કામગીરી કરનાર ક્રાઇમ બ્રાન્ચની ટીમને સરકાર માં ઇનામ આપી પ્રોત્સાહીત કરવા માટે પ્રપોઝલ કરવા મા આવશે

- <u>તા.૦૭/૦૫/૨૦૨૧</u>

RAJKOT CITY CRIME BRANCH

# ચોટીલા પોલીસ સ્ટેશન ના IPC કલમ – ૩૦૭ તથા ફાયરીંગના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ગેરકાયદેસર હથીયાર સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

**રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ** તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા ડી.સી.પી. ઝોન - ૧ શ્રી પ્રવિણકુમાર સાહેબ તથા ડી.સી.પી. ઝોન - ૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ તથા એ.સી.પી. ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ નાઓએ ગુન્હામાં નાસતા ફરતા આરોપીને તથા દારૂ/જુગાર તથા ગેરકાયદેસર હથીયાર ના ગુન્હા શોધી કાઢવા સુચના કરેલ હોય જે અન્વયે અમો **પોલીસ ઇન્સ્પેકટર વી.કે.ગઢવીના** માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ **પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી યુ.બી.જોગરાણાની ટીમના** સ્ટાફના માણસો રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન **પો. હેડ કોન્સ. જયંતીભાઇ ગોહીલ તથા અભીજીતસિંહ જાડેજા તથા ભાવિનભાઇ રતન** ની સંયુકત હકિકત આધારે નીચે જણાવેલ ઇસમોને મોરબી રોડ બેડી ચોકડીથી આગળ મામા સાહેબના મંદીર પાસેથી ગેરકાયદેસર હથીયાર દેશી બનાવટની પીસ્ટલ નંગ -૧ તથા જીવતા કાર્ટીસ નંગ - ૦૩ સાથે સ્વીફટ કારમાંથી પકડી પાડી રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે. ગુ.ર.નં.૦૧૨૯/૨૦૨૧ આર્મ્સ એકટ કલમ – ૨૫(૧-બી)એ વી. મુજબનો ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપી:-**

(૧) અવેશ ઉર્ફે અવલો ગનીભાઇ ઘોણીયા જાતે. ઘાંચી મુસ્લીમ ઉવ.૩૫ રહે.હાલ મોરબી રોડ સાગર પાર્ક શેરી નં. ૦૧ મકાન નં. ૦૫ વેલનાથ સામે રાજકોટ

(૨) ફરદીન સ/ઓ ફીરોઝભાઇ હાજીભાઇ સોઢા જાતે. સુમરા મુસ્લીમ ઉવ.૨૨ રહે.રામનાથ પરા શે.નં.૧૨ રજપુત વાડી વાળી શેરી મેટ્રો પાન પાસે રાજકોટ

(૩) નૈમીષ ઉર્ફે રવી ઉર્ફે નેમો સ/ઓ ચંન્દ્રેશભાઇ દુદાભાઇ ગોહેલ જાતે. અનુ.જાતી ઉવ.૨૪ રહે. ભગવતીપરા જય નંદનવન સોસાયટી શે.નં. ૦૩ સબ સ્ટેશન વાળી શેરી રાજકોટ

**આરોપીઓ પાસેથી કબ્જે કરેલ મુદામાલ :-**

(૧) દેશી બનાવટની પીસ્ટલ - ૦૧ કિં.રૂ. ૧૫,૦૦૦/-

(૨) જીવતા કાર્ટીઝ નંગ - ૦૩ કિં.રૂ. ૩૦૦/-

(૩) મારૂતી સુઝુકી સ્વીફ્ટ કાર GJ-23-AF-7863 કિ.રૂ. ૨,૦૦,૦૦૦/-

(૪) મોબાઇલ ફોન નંગ – ૩ કી.રૂ.૭૦,૫૦૦/-

આમ કુલ કિં.રૂ. ૨,૮૫,૮૦૦/- નો મુદામાલ તપાસ અર્થે કબ્જે કરવામા આવેલ છે.

**ચોટીલા પોલીસ સ્ટેશનમાં કરેલ ગુન્હાની વિગત:-**

**આ કામે સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશનમાં તા.૦૫/૦૪/૨૦૨૧ ના મોડી રાત્રીના એકાદ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદી મનસુરભાઇ વલીભાઇ લોલાડીયા જાતે. ઘાંચી ધંધો. કન્ટ્રકશનનો રહે. ચોટીલા વાળા પોતાની સાઇટ મોટી વાડી ચોટીલા ખાતે હાજર હતા તે દરમ્યાન આ કામના આરોપીઓ અવેશ ઉર્ફે અવલો ગનીભાઇ ઘોણીયા તથા મોરલી તથા અન્ય ત્રણ તેના સાગરીતોએ એક સંપ કરી ફોરચ્યુનર ગાડીમાં આવી આ કામના ફરીયાદી ઉપર અગાઉના બનાવનુ મનદુખ રાખી આ કામના આરોપી અવેશ ઉર્ફે અવલા એ ભુંડી ગાળો બોલી પોતાની પાસે રહેલ પીસ્ટલ વડે ચાર રાઉન્ડ ફરીયાદી ઉપર ફાયરીંગ કરી જાનથી મારી નાખવાની કોશીષ કરેલ તથા આરોપી મોરલી એ આ કામના સાહેદ ધારાભાઇ સુસરા ના પગના ભાગે ધારીયા વડે ઇજા કરી આરોપી અવેશ ઉર્ફે અવલા ના ત્રણ સાગરીતોએ ફરીયાદીના ગાડીના કાચ તલવાર તથા ધોકા તથા પથ્થર વડે ફોડી ફરીયાદીની ગાડીને નુકશાન કરી ભાગી જઇ ગુન્હો કરેલ છે.**

**આરોપી અવેશ ઉર્ફે અવલો ગનીભાઇ ઘોણીયા નો ગુન્હાહીત ઇતીહાસ:-**

(૧) સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૦૯/૨૦૧૪ IPC કલમ – ૩૨૫,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૧૪૩ વી.

(૨) સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૬૨/૨૦૧૭ IPC કલમ – ૪૫૨,૫૦૪,૫૦૬(૨),૧૪૭,૧૪૮ વી.

(૩) મોરબી સીટી બી ડીવીઝન પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૭૭૪/૨૦૧૭ આર્મ્સ એકટ કલમ – ૨૫(૧-બી)એ વી.

(૪) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૦૬/૨૦૧૮ IPC કલમ – ૩૨૩,૫૦૪,૫૦૬(૨) વી.

(૫) સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૦/૨૦૧૮ આર્મ્સ એકટ કલમ – ૨૫(૧-બી)એ વી.

(૬) સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૧/૨૦૧૮ આર્મ્સ એકટ કલમ – ૨૫(૧-બી)એ વી.

(૭) સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પો.સ્ટે. ગુ.ર.નં. ૩૮/૨૦૨૦ IPC કલમ – ૩૨૩,૫૦૪,૫૦૬(૨) વી.

(૮) સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૩૪/૨૦૨૦ IPC કલમ – ૫૦૪,૫૦૬(૨) તથા આર્મ્સ એકટ કલમ – ૨૫(૧-બી)એ વી.

(૯) સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૮૫/૨૦૨૦ IPC કલમ – ૩૨૫,૩૨૩,૧૧૪ વી.

**આરોપી** ફરદીન સ/ઓ ફીરોઝભાઇ હાજીભાઇ સોઢા **નો ગુન્હાહીત ઇતીહાસઃ-**

**આરોપી આજથી છએક મહીના પહેલા સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશનના મારા મારીના ગુન્હામાં પકડાયેલ છે.**

**આરોપીઓને પકડવાના બાકીઃ-**

આ કામે પકડાયેલ આરોપીઓ સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૦૦૭૭/૨૦૨૧ IPC કલમ – ૩૦૭,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૪૭,૧૪૮,૧૪૯ તથા આર્મ્સ એકટ કલમ – ૨૫(૧-બી)એ વી. મુજબના ગુન્હાના કામે છેલ્લા દોઢેક મહીનાથી નાસતા ફરે છે.

- **કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી**

પોલીસ ઇન્સ્પેકટર વી.કે.ગઢવી, પોલીસ સબ ઇન્સ્પેકટર યુ.બી.જોગરાણા તથા એ.એસ.આઇ. સી.એમ.ચાવડા, તથા બી.આર.ગઢવી તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ જયંતીભાઇ ગોહિલ તથા અભીજીતસિંહ જાડેજા તથા પ્રદિપસિંહ જાડેજા તથા ભાવીનભાઇ રતન તથા પોલીસ કોન્સ્ટેબલ ઇન્દ્રજીતસિંહ ગોહિલ તથા કરણભાઇ મારૂ દ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

**તા.૧૫/૦૫/૨૦૨૧**

# પ્રેસનોટ

**પુઠાના બોક્ષમાં પેક કરેલ અજાણ્યા ઇસમની લાશ જેને મોઢા તથા માથાના ભાગે બોથડ હથિયારના ઘા મારી હત્યા કરવામા આવેલ જે બનાવનો ગણતરી ની કલાકોમા ભેદ ઉકેલતી રાજકોટ શહેર પોલીસ**

ગઇ કાલ તા.૨૮/૦૫/૨૦૨૧ ના રોજ રાત્રીના નવેક વાગ્યા બાદ એક જાગૃત રાહદારીએ જાહેરાત કરેલ કે રિધ્ધી સિધ્ધીના નાલાથી સાંઇબાબા સર્કલ તરફ જતા રોડ પર આવેલ ઇન્ડસ્ટ્રીઝ એરીયામા કાચા રસ્તા પર એક અજાણ્યા પુરૂષની લાશ પુઠાના બોક્ષમાં પેક કરેલ હાલતમા પડેલ છે તેવી જાણ થતા સદરહુ બનાવ જે આજીડેમ પો.સ્ટે. વિસ્તારનો હોય પ્રથમ સ્થાનીક આજીડેમ પો.સ્ટે. ના પોલીસ બનાવની જગ્યાએ પહોંચેલ તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રવીણકુમાર મીણા સાહેબ ઝોન-૧, મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ, મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એચ.એલ.રાઠોડ સાહેબ પુર્વ વિભાગ, ક્રાઇમ બ્રાન્ચ પો. ઇન્સ. વી. કે. ગઢવી તથા રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા સ્થાનીક જગ્યાની વિઝીટ કરવામા આવેલ અને જે મરણજનાર ઇસમની લાશ જોતા તેને માથાના ભાગે તથા મોઢાના ભાગે બોથડ હથિયારના ઘા મારી તેની હત્યા કરવામા આવેલ હોવાનુ પ્રથમ દ્રષ્ટીએજ જણાય આવતુ હોય જે મરણજનાર ઇસમ અજાણ્યો પુરૂષ હોય જેના હાથમા ટેટુ દોરવામા આવેલ હતુ.

સદરહુ બનાવની ગંભિરતા જોતા રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ, સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રવીણકુમાર મીણા સાહેબ, મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ, મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એચ.એલ.રાઠોડ સાહેબ પુર્વ વિભાગ નાઓ દ્વારા સદરહુ બનાવમાં મરણજનાર જે અજાણ્યો પુરૂષ હોય જેની શરીર સ્થીતી તથા તેના હાથમા રહેલ ટેટુ આધારે તપાસ કરી તેની ઓળખ કરવા તેમજ આરોપીઓ બાબતે તપાસ કરી ગુન્હો ડીટેકટ કરવા સુચના કરવામા આવેલ.

રાજકોટ શહેર આજીડેમ પો.સ્ટે. તથા ક્રાઇમ બ્રાન્ચ ના પોલીસની અલગ અલગ ટીમો સદરહુ બનાવમાં મરણજનાર ઇસમની ઓળખ માટે તજવીજ કરવામા આવેલ જે આરોપીના વર્ણન તથા ટેટુ આધારે તપાસ ચાલુમા હોય તેમજ લાશ જે પી.એમ. માટે સરકારી હોસ્પીટલ ખાતે મોકલી આપવામા આવેલ હોય અને જે પોલીસ દ્વારા સ્થાનીક જગ્યાની આજુ બાજુ તપાસ ચાલુમા હોય જે દરમ્યાન મરણજનાર ના ફોટા તથા તેના હાથમા રહેલ ટેટુ આધારે ખાનગીરાહે તપાસ કરવામા આવેલ જે તપાસ દરમ્યાન આજીડેમ પો.સ્ટે. ના પો. સબ ઇન્સ. એમ.એમ.ઝાલા તથા તેમની ટીમને

સદરહુ મરણજનાર ઇસમ સંજયભાઇ રાજેશભાઇ સોલંકી રહે. ગોકુલ ધામ આર.એમ.સી. કવાટર્સ રાજકોટ વાળાની હોવાનુ જણાય આવેલ જે દરમ્યાન સરકારી હોસ્પીટલ ખાતે મરણજનાર ના સગા સંબંધીઓ પણ આવી ગયેલ અને લાશ જે સંજયભાઇ રાજેશભાઇ સોલંકીની હોવાનુ તેઓએ પણ ઓળખી બતાવતા જે અંગે આજીડેમ પો.સ્ટે. દ્વારા ફરીયાદ લેવા તજવીજ કરવામા આવેલ અને અજાણ્યા ઇસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામા આવેલ.

મરણજનાર જે સંજયભાઇ રાજેશભાઇ સોલંકી હોય અને જેની મળી આવેલ લાશ જે એકાદ દિવસ અગાઉ તેની હત્યા થયેલ હોવાનુ પ્રાથમીક રીતે જણાય આવતુ હોય જેથી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચની અલગ અલગ ટીમો ઉપરી અધિકારીશ્રીઓની સુચના મુજબ બનાવી મરણજનાર ઘરેથી કયારે નીકળેલ, કોને કોને મળેલ, તેને કોઇની સાથે કોઇ દુશમની, તેના મિત્રો વિગેરે બાબતોની તપાસ કરી બનેલ બનાવ તથા અજાણ્યા આરોપીઓ બાબતે તપાસ કરવામા આવેલ જેમા રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ૪૦ જેટલા અસામાજીક તત્વો તથા ગુન્હાહિત ઇતિહાસ ધરાવતા ઇસમોને રાઉન્ડઅપ કરવામા આવેલ જે તમામની ઉંડાણપુર્વક પુછપરછ કરવામા આવેલ જે **પુછપરછ દરમ્યાન તથા રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચના પો. સબ ઇન્સ. પી. બી. જેબલીયાની ટીમના પો. હેડ કોન્સ. સુભાષભાઇ ઘોઘારી તથા પો. કોન્સ. દેવાભાઇ ધરજીયા નાઓને મળેલ ખાનગી માહિતી** આધારે સદરહુ મરણજનાર સંજયભાઇ રાજેશભાઇ સોલંકીને બે દિવસ અગાઉ વિશાલ વીરેન્દ્રભાઇ બોરીસાગર રહે. ગીતાંજલી સોસાયટી, ગોકુલ ધામ પાછળ, રાજકોટ વાળા સાથે સામાન્ય બાબતમાં ઝઘડો થયેલ હોવાનુ જણાય આવેલ.

મળેલ માહિતી આધારે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તાત્કાલીક મરણજનાર સાથે ઝઘડો થયેલ તે ઇસમ વિશાલ વીરેન્દ્રભાઇ બોરીસાગર નાઓની તપાસ કરી રાઉન્ડઅપ કરવામા આવેલ અને જેની ઉંડાણપુર્વકની પુછપરછ દરમ્યાન મજકુર વિશાલ બોરીસાગરએ પોતે મરણજનાર સંજયભાઇ રાજેશભાઇ સોલંકીના મિત્ર હોવાનુ અને બે દિવસ અગાઉ સામાન્ય બાબતમાં બન્નેને ઝઘડો થયેલ અને બાદ સમાધાન થઇ ગયેલ પરંતુ વિશાલ બોરીસાગરને ફોર્ચ્યુનર હોટલ સામે તીરૂપતી ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં સબમર્શીબલ પંપના બાઉલ એમ્પીલર બનાવવાનુ કારખાનુ હોય જેમા તે વર્કીંગ પાર્ટનર હોય જયા તા.૨૭/૦૫/૨૦૨૧ ના રોજ સંજયભાઇ સોલંકી આવેલ અને વિશાલ બોરીસાગરને બેફામ ગાળો દેવા લાગેલ જેથી બોલાચાલી થયેલ જેથી વિશાલ બોરીસાગરએ સંજયભાઇને કારખાનામાંજ પ્રથમ સંજયભાઇના ગળે છરી રાખેલ બાદ દસ્તો માથાના ભાગે તથા મોઢાના ભાગે મારેલ બાદ લોખંડની પ્લેટ પડેલ હોય જે માથામા મારેલ અને હથોડીથી માથામા ઘા મારેલ હતા જેથી સંજયભાઇ લોહીલુહાણ થઇ ગયેલ જે સમયે કારખાનામાં અમીતભાઇ લક્ષ્મણભાઇ કોઠીયા, મુકેશ બાબુભાઇ રોલા, હર્ષરાજ ઉર્ફે હશુ જયેશભાઇ વાઘેલા નાઓ ત્યા કારખાનામા હાજર હતા અને ઝઘડો થતા આ લોકો જતા રહેલ હતા.

બાદ તા.૨૭/૦૫/૨૦૨૧ ના રોજ રાત્રીના નવેક વાગ્યે વિશાલ બોરીસાગર તેના મિત્ર વીવેક વીઠ્ઠલભાઇ વડારીયા ને સાથે લઇ કારખાને આવેલ જયા સંજયભાઇ સોલંકી લાશ પડેલ હતી તે લાશ એક કોથળામા બન્નેએ ભરેલ અને ત્યા કારખાનામાં લોહી પડેલ હોય જે પાણીથી સાફ કરેલ અને વિશાલ જેઓએ તેના મિત્ર અમીતભાઇ લક્ષ્મણભાઇ કોઠીયા પાસે લાશ બોક્ષમા ભરવા માટે મોટુ બોક્ષ મંગાવેલ જે અમીત આપી ગયેલ બાદ વિશાલ તથા અમીત કોઠીયાએ લાશ બોક્ષમા પેક કરેલ અને જે લાશ કારખાનામા રાખી મુકેલ બાદ તા.૨૮/૦૫/૨૦૨૧ ના રોજ ફરી વિશાલ તથા અમીત કારખાને ગયેલ જયા લાશ અમીતની મદદથી વિશાલે પોતાના સફેદ કલરના એકસેસ મોટર સાયકલમા પાછળના ભાગે રાખેલ અને જે દોરીથી બાંધેલ અને જે લાશ બોક્ષમા પેક કરી વિશાલ અવાવરુ જગ્યાએ ફેકવા માટે ગયેલ જે દરમ્યાન રિધ્ધી સિધ્ધી નાલાથી આગળ કાચા રસ્તે બોક્ષ બાંધેલ તે પડી ગયેલ જેથી વિશાલ લાશ ત્યાજ મુકી નાશી ગયેલ હોવાની કબુલાત આપેલ જેથી અન્ય આરોપીઓ વિવેક વડારીયા તથા અમીત કોઠીયાની પણ તપાસ કરી રાઉન્ડઅપ કરી તેઓની પણ ઉંડાણપુર્વક પુછપરછ કરતા તેઓએ પણ ગુન્હાની કબુલાત આપેલ.

<u>આરોપી</u> -

(૧) વિશાલ વીરેન્દ્રભાઇ બોરીસાગર રાજગોર બ્રાહ્મણ ઉવ.૨૮ રહે. ગીતાંજલી સોસાયટી શેરી નં-૩, ગોકુલધામ પાછળ, રાજકોટ

(૨) વિવેક વીઠ્ઠલભાઇ વડારીયા પટેલ ઉવ.૨૦ રહે. જલજીત સોસાયટી શેરી નં-૬, ગોકુલધામ રોડ, ઉમીયા ચોક, રાજકોટ

(૩) અમીતભાઇ લક્ષ્મણભાઇ કોઠીયા પટેલ ઉવ.૩૦ રહે. ખોડિયાર એપાર્ટમેન્ટ, બ્લોક નં-૩૦૩, રાઘે હોટલ પાછળ, રાજકોટ.

<u>ગુન્હોના ની એમ.ઓ. તથા આરોપીએ ભજવેલ ભાગ</u>

મજકુર આરોપી વિશાલ બોરીસાગર તથા મરણજનાર સંજયભાઇ સોલંકી જેઓ મિત્ર હોય જેઓને બનાવ બનેલ તેના બે દિવસ અગાઉ સામાન્ય બોલાચાલી થયેલ હોય જેથી સંજયભાઇ સોલંકી જે વિશાલ સાથે ઝઘડો કરવા તા.૨૭/૦૫/૨૦૨૧ ના રોજ બપોરના ચાર થી પાંચ વાગ્યાના અરસામા તેના કારખાને ગયેલ જયા બન્નેને બોલાચાલી થતા આરોપી વિશાલ બોરીસાગરએ મરણજનાર ને માથા તથા મોઢાના ભાગે હથોડી, દસ્તો તથા લોખંડની પ્લેટ ના ઘા મારી ગંભિર ઇજા કરી મોત નીપજાવેલ બાદ વિશાલ બોરીસાગરએ પોતાના મિત્ર વિવેકની મદદથી તા.૨૭/૦૫/૨૦૨૧ ના રોજ રાત્રીના આશરે નવેક વાગ્યે કારખાને આવી લાશ કોથળામા ભરી કારખામાં લોહી પાણીથી સાફ કરેલ અને વિશાલ બોરીસાગરએ પોતાના મિત્ર અમીતભાઇ કોઠીયા

પાસે લાશ ભરવા મોટુ પુઠ્ઠાનુ બોક્ષ મંગાવેલ અને જે પુઠાના બોક્ષમા વિશાલ તથા અમીતએ લાશ ભરી ત્યા કારખાનામાજ રાખી મુકેલ બાદ તા.૨૮/૦૫/૨૦૨૧ ના રોજ ફરી વિશાલ તથા અમીત કારખાને આવેલ અને કારખાનામા સંજયભાઇ સોલંકીની લાશ કોથળામા ભરેલ પડેલ હોય જે બોક્ષમા ભરેલ અને અમીતની મદદથી લાશ ભરેલ બોક્ષ વિશાલએ પોતાના એકસેસ મોટર સાયકલમા પાછળ બાંધેલ અને તે લઇ વિશાલ અવાવરુ જગ્યાએ લાશ સગેવગે કરવા માટે લઇ નીકળેલ જે દરમ્યાન રિધ્ધી સિધ્ધી નાલા આગળ કાચા રસ્તે આવતા જયા બોક્ષ એકસેસ મોટર સાયકલમાંથી નીચે પડી જતા વિશાલ ત્યાજ લાશ ભરેલ બોક્ષ મુકી નાશીભાગી ગયેલ.

**કામગીરી કરનાર**

ક્રાઇમ બ્રાન્ચ પો. ઇન્સ. વી. કે. ગઢવી, આજીડેમ પો.સ્ટે. પો. ઇન્સ. વી. જે. ચાવડા, ક્રાઇમ બ્રાન્ચ પો. સબ ઇન્સ. પી.એમ.ધાખડા, પી.બી.જેબલીયા, એસ.વી.સાખરા, વી.જે.જાડેજા, એમ.વી.રબારી, યુ.બી.જોગરાણા, આજીડેમ પો.સ્ટે. પો. સબ ઇન્સ. એમ.એમ.ઝાલા, ક્રાઇમ બ્રાન્ચ પો. હેડ કોન્સ. વીક્રમભાઇ ગમારા, ક્રીપાલસિંહ જાડેજા, જીજ્ઞેશભાઇ મારુ, અંસુમાનભા ગઢવી, સુભાષભાઇ ઘોઘારી, પો. કોન્સ. દેવાભાઇ ધરજીયા, પ્રતાપસિંહ મોયા, દેવરાજભાઇ કળોતરા, સંજયભાઇ ચાવડા તથા ક્રાઇમ બ્રાન્ચ પો. સબ ઇન્સ. ની ટીમો.

તા.૨૯/૦૫/૨૦૨૧

પ્રેસનોટ

# ક્રાઇમ બ્રાન્ચ રાજકોટ શહેર

## મોટરસાયકલ ચોરીના ગુન્હા કરતી ટોળકીને ચોરીના મુદામાલ સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ખુરશીદ અહેમદસાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી પ્રવીણકુમારસાહેબ (ઝોન-૧), તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી મનોહરસિંહ જાડેજાસાહેબ (ઝોન-૨) તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, (ક્રાઇમ) ડી. વી. બસીયા સાહેબ દ્વારા મિલ્કત સંબંધિ ગુન્હાઓ અટકાવવા તેમજ ચોરી, લુંટ વિગેરે મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુચના કરેલ જે કરેલ સુચના અન્વયે અમો પોલીસ ઇન્સપેક્ટર વી.કે. ગઢવી નાઓના સીધા માર્ગદર્શન અને સુચના હેઠળ ડી.સી.બી.પો.સ્ટે.ના પો સબ ઇન્સ. એસ.વી.સાખરા તથા ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા.દરમ્યાન રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે.ના સંજયભાઇ ચાવડા, ઉમેશભાઇ ચાવડા, ભગીરથસિંહ ઝાલા તથા કિરતસિંહ ઝાલા ને મળેલ હકિકત આધારે અલગ અલગ જગ્યાએથી ચોરી કરેલ કુલ – ૫ મો. સા. સાથે કુલ - ૪ ઇસમોની ચોરી કરતી ટોળકીને પકડી પાડી ચોરીઓના ગુન્હાઓનો ભેદ ઉકેલી કાર્યવાહી કરવામાં આવેલ છે.

- **આરોપી-**

(૧) વિપુલ ઉર્ફે રોહિત કવુભાઇ જખાણીયા જાતે. દેવીપૂજક ઉ.વ. ૨૦ ધંધો. મજુરી રહે. કેનાલ રોડ, ઉમીયા ચોક, મોરબી

(૨) વિજય ઉર્ફે ડીગ્રી કાનજીભાઇ સાડમીયા જાતે. દેવીપૂજક ઉ.વ. ૨૧ ધંધો. મજુરી રહેગામ. શીવરાજપુર તા. જસદણ

(૩) અરવીંદ ધીરૂભાઇ મંદુરીયા જાતે. દેવીપૂજક ઉ.વ. ૨૦ ધંધો. મજુરી રહે. અજમેરા પેટ્રોલ પંપની પાછળ, મેદાનમાં ચોટીલા જી. સુ.નગર. મુળરહેગામ. કસવાડી તા. સાયલા જી. સુ.નગર.

(૪)	યુવરાજસિંહ કરણસિંહ ચૌહાણ ઉ.વ. ૨૧ ધંધો. મજુરી રહે. અજમેરા પેટ્રોલ પંપ સામે, હરિધામ સોસાયટી શેરી નં. ૧, ઘર નં. ૪, “ આશાપુરા કૃપા ” ચોટીલા જી. સુ.નગર.

- **કબજે કરેલ મુદ્દામાલ :-**

(૧) અલગ અલગ હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ – ૫ ની કુલ કી.રૂા. ૧, ૨૦,૦૦૦/-
આ કામે કબ્જે કરવામાં આવેલ મો. સા. રાજકોટ શહેર તાલુકા પો. સ્ટે. ,આજીડેમ પો. સ્ટે. તથા બોટાદ ટાઉન માંથી ચોરી કરેલ હોવાનું તપાસ દરમ્યાન જણાઇ આવેલ છે.

- **અટક કરવાનો બાકી :-**

જગદીશ કોળી રહે. થાનગઢ જી. સુ.નગર.

- **કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પો.સબ.ઇન્સ. એસ. વી. સાખરા, હેડ કોન્સ. ધીરેનભાઇ માલકિયા, પો. કોન્સ. મહેશભાઇ મંઢ, હીરેનભાઇ સોલંકી, ઉમેશભાઇ ચાવડા, ભગીરથસિંહ ઝાલા, દિપકભાઇ ડાંગર, સંજયભાઇ ચાવડા, જયપાલસિંહ ઝાલા, કિરતસિંહ ઝાલા ***દ્વારા કામગીરી કરવામા આવેલ છે.***

*તા.૨૮/૦૫/૨૦૨૧*

(વી.કે.ગઢવી)
પોલીસ ઇન્સ્પેકટર
ડી.સી.બી. પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર